ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/4292-4327
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.04/09/2021

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય.

વિષય: "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત યોજવાના કાર્યક્રમો/પ્રવૃતિઓ બાબત.
સંદર્ભ: શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંક:પરચ/122021-113-વ-2, તા.31/08/2021

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે 'આઝાદીના અમૃત મહોત્સવ'ની ઉજવણીમાં વધુ ને વધુ લોકો જોડાય અને આ ઉત્સવ ખરા અર્થમાં "જન ઉત્સવ બની રહે" તે માટે તા.31 ડિસેમ્બર 2021 સુધીમાં શાળાઓમાં યોજવામાં આવનાર પ્રવૃતિઓ/કાર્યક્રમોની વિગતોનું આયોજન નીચે મુજબ કરવામાં આવેલ છે.

| No. | Start Date | End Date | Theme/Subject | Activities Details | Venue |
|---|---|---|---|---|---|
| 1 | 06-09-21 | 30-09-21 | Essay Competition | Students will write essay related to Independence movement | School |
| 2 | 01-12-21 | 31-12-21 | Painting Competition | Students will draw paintings related to Independence movement | School |

ઉક્ત આયોજન મુજબ શાળાકક્ષાએ કોવિડ-19 અંગેની સરકારશ્રીની ગાઈડલાઈન્સ અને S.O.P. નું પાલન કરીને આ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે તેમજ તેનો અહેવાલ શાળાઓ દ્વારા જિલ્લાકક્ષાએ મોકલવામાં આવે તે માટે ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપશો. શાળાઓ દ્વારા સીધે સીધો અત્રેની કચેરીને અહેવાલ મોકલવાનો નથી. આપના જિલ્લાની શાળાઓમાં કરવામાં આવેલી પ્રવૃતિઓનો સંકલિત અહેવાલ આપના દ્વારા અત્રેની કચેરીને સંશોધન શાખાના ઈ-મેઈલ પર મોકલી આપવા વિનંતી છે.

જા.નં.જાક/૨૦૨૧ ૨૩૦૭૦

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર / જિલ્લાની તમામ શાળાઓ
માધ્યમિક અને ઉ. માધ્યમિક

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત.